સૌરાષ્ટ્ર આજતક

# જસદણના કાનપર ગામે બાળા પર દુષ્કર્મ આચરનાર નરાધમને ફાંસીની સજા

## કોર્ટનો માત્ર ૪૩ દિવસમાં ઐતિહાસિક ચૂકાદો :બાળકીને ૭ લાખ વળતર ચૂકવવા પણ આદેશ



રાજકોટ,

જસદણ તાલુકાના કાનપર ગામની સીમમાં શ્રમિક પરિવારની સાત વર્ષની માસુમ બાળકી ઉપર દુષ્કર્મનો પ્રયાસ આચરી ગુપ્તાંગમાં સળીયો ભોંકી અમાનુષી કૃત્ય આચરનાર આરોપીને રાજકોટની સ્પેશિયયલ કોર્ટે ફાંસીની સજા ફટકારી ભોગ બનનાર બાળકીને રૂા.૭ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.દેશભરમાં ભારતીય ન્યાય સંહીતાનો અમલ થયા બાદ રાજકોટમાં નવા કાયદા મુજબ ફાંસીની આ પ્રથમ સજા સંભળાવાઇ છે. સ્પેશીયલ કોર્ટે આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણીને આરોપીને ફાંસીની સજા સંભળાવી છે.

કાનપર ગામે ગત તા.૪ ડિસેમ્બરના રોજ બનેલી આ ઘટનામાં પોલીસે ચાર દિવસમાં જ આરોપીને ઝડપી લીધો હતો અને ૧૧ દિવસમાં જ ચાર્જશીટ રજુ કર્યું હતું. જયારે ૩૩ દિવસમાં સમગ્ર કેસનું ટ્રાયલ પુર્ણ કરી સ્પેશીયલ કોર્ટે આરોપીને દોષિત જાહેર કરી દીધો હતો અને આજે ૪૪માં દિવસે ચુકાદો આપ્યો હતો. રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટના ઈતિહાસમાં આટલો ઝડપી ચુકાદો પ્રથમ વખત આવ્યો છે.'આ કેસની વિગતમાં જસદણના કાનપર ગામે વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતર ભાગીયે રાખી ખેત મજૂરી કરે છે. ગત તા.૦૪-૧૨-૨૦૨૫ ના રોજ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે પરિવારની છ વર્ષ આઠ માસની બાળકી વાડીમાં જ રમી રહી હતી. ત્યારે અજાણ્યા શખ્સે ધસી આવી બાળકીનું મોઢું દબાવી હેવાને અમાનુષી અને ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો. હેવાને હવસનો શિકાર બનાવ્યા બાદ ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાવી દેતા બાળકી લોહીલુહાણ થઇ ગઈ હતી.બાદમાં નરાધમ બાળકીને ત્યાં જ મૂકી નાસી ગયો હતો. પરિવારે બાળકીની શોધખોળ શરૂ કરતા તેણી ત્યાં નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવતા બાળકીને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આટકોટ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી પોક્સો અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બાળકી ઉપર અમાનુષી અત્યાચાર ગુજારનાર મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જસદણના કાનપર ગામની સીમમાં રહેતા રામસિંગ તેરસીંગ ડવેજરની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં નરાધમે કબૂલાત આપી હતી કે, પોતે પીડિત બાળકીનો પરિવાર જે વાડીમાં મજૂરી કરે છે તેની બાજુની વાડીમાં જ પોતે પણ મજૂરી કરે છે.અહીંથી નીકળતા માસુમ બાળકી ખેતરમાં જ રમતી હતી. જેથી નરાધમની દાનત બગડી હતી. બાળકીને ઉઠાવી નજીકમાં જ પાણીની ટાંકી પાસે લઇ ગયો હતો અને દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી હતી. તેમાં નિષ્ફળ જતાં ઉશ્કેરાયેલા શખ્સે બાજુમાં જ પડેલ લોખંડનો એક ફૂટનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં ઘુસાવી લોહીલુહાણ કરી ત્યાં જ બાળકીને મૂકી નાશી ગયો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી. બાળકીના પિતાએ અદાલતમાં વિસ્તૃત પત્ર લખી બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલીક કેસ ચલાવી સખ્ત સજાની માંગ કરી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈને કોર્ટે કેસ રોજબરોજ ચલાવવાનો હુકમ કરી ૬ દિવસમાં પુરાવો નોંધવાનુ કાર્ય પૂર્ણ કર્યું હતું.

બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષ દ્વારા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો, પુરાવાઓ અને ટાંકેલા વિવિધ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સ્પે. કોર્ટના જજ વી. એ. રાણાએ ૭ વર્ષની બાળકી ઉપર બનેલ દુષ્કર્મના કેસમા ૩૪ મા દિવસે આરોપી રેમસીગ તેરસીગને તકસીરવાન ઠેરવ્યો હતો. જ્યારે સજાના હુકમ માટે મુદત પડી હતી. આજે ઉઘડતી કોર્ટે રાણાએ ૭ વર્ષની બાળકી ઉપર બનેલ દુષ્કર્મના કેસમા આરોપી રેમસીગ તેરસીગને ફાંસીની સજા અને ભોગ બનનાર બાળકીને રૂ.૭ લાખનું વળતર વિકટીમ કમ્પેન્સેશન એક્ટ અન્વયે આપવા હુકમ ફરમાવ્યો છે.આ કેસમાં જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ રોકાયા હતા.

કાનપર ગામે માસુમ બાળકી ઉપર અમાનુષી કૃત્ય કરનાર સામે પોલીસે પોકસો એક્ટ અને દુષ્કર્મનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ આરોપીને લઈને બનાવ સ્થળે પહોંચી હતી. જ્યાં રીકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપીએ પોલીસ કર્મીઓ ઉપર ધારીયા વડે હુમલો કર્યો હતો. જેના જવાબમાં પોલીસે નરાધમના બંને પગમાં ગોળી ધરબી દીધી હતી. આરોપીને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને પોલીસ ઉપર હુમલો કરવા બદલ હત્યા પ્રયાસનો અલગથી ગુનો નોંધાયો હતો.

# રાજકોટ સહિત ત્રણ જિલ્લામાં જેટકો જી.ઇ.બી.ના રીએક્ટર ચોરી કરતી ટોળકીને પોલીસે ઝડપી લીધી

## ટોળકીના પાંચ સભ્યોની ધરપકડ કરી રૂ. ૩.૧૪ લાખનો મુદામાલ કબજે: ચારની શોધખોળ




રાજકોટ,

રાજકોટ,જુનાગઢ તથા અમરેલી જીલ્લામા છેલ્લા ઘણા સમયથી જેટકો જી.ઇ.બી.૬૬ કે.વી. સબ સ્ટેશનમા રીએક્ટર ચોરીના બનાવમાં સંડોવાયેલી ટોળકીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે ઝડપી લઇ ટોળકીના પાંચ સભ્યોની ધરપકડ કરી રૂ.૩.૧૪ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. ટોળકીના અન્ય ચાર સભ્યોની શોધખોળ શરુ કરી છે.

રાજકોટ જીલ્લામાં પાટણવાવ ૬૬ કે.વી.પાટણવાવ સબ સ્ટેશનમા રાત્રીના તસ્કરો ત્રાટક્યા હતા અને રૂ.૧.૧૭ લાખના રીએક્ટર ચોરી જતા આ મામલે જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવતા ગૌરાંગભાઇ કેશવજીભાઇ વાઢીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.


રાજકોટ જીલ્લામાં પીજીવીસીએલના વાયર અને રીએક્ટર ચોરી કરતી ટોળકી સક્રિય થતા એલસીબી અને સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં એલસીબીને મળેલી બાતમીને આધારે કાટીયો ઉર્ફ કટી ઉર્ફ અશોક નરશીભાઇ વિરમગામીયા (ઉ.વ. ૩૫ રહે. મોરબી વીસીપરા તા.જી.મોરબી મુળ રહે. ગામ કંકાવટી તા ધાંગંધ્રા જી. સુરેન્દ્રનગર),આકાશ સુરેશભાઇ વિકાણી ( ઉ.વ. ૨૪ રહે. રાજકોટ માધાપર ચોકડી દ્રારકાધીશ પેટ્રોલપંપ પાછળ મુળ રહે. મોરબી લીલાપર રોડ તા.જી.મોરબી),ઘનશ્યામ રાજુભાઇ હળવદીયા (ઉ.વ. ૨૬ રહે. મોરબી લીલાપર રોડ સાત હનુમાન મંદીર પાસે તા.જી.મોરબી મુળ રહે. વઢવાણ કુષ્ણનગર પાણીની ટાંકી પાસે જી સુરેન્દ્રનગર),શંભુભાઇ કરશનભાઇ ખાવડીયા (ઉ.વ. ૩૮ રહે. ધાંગ્રધ્રા વાદીપરા ત્રણ માળીયા પાછળ રાજપર રોડ તા. ધાંગ્રધ્રા જી સુરેન્દ્રનગર), વિજયભાઇ ઉર્ફ કાળીયો વિનોદભાઇ સોલંકી (ઉ.વ. ૨૮ રહે. મોરબી વીસીપરા મેઇનરોડ હનુમાનજીના મંદીર સામે તા.જી.મોરબી) અને કાયદા ના સંઘર્ષમા આવેલ સગીરની ધરપકડ કરી હતી. પુછપરછમાં મોરબીના દીપક કેશુભાઇ ડેરવાણીયા, કરણ ઓઘાભાઇ ભુતીયા સાથે રાજકોટના શાયર દલસુખભાઇ મકવાણા તેમજ અમદાવાદના અરુણ વજુભાઇ વિરમગામીયાનું નામ ખુલ્યું હતું. આ ટોળકી પાસેથી ઈકો કાર નંબર જીજે૧૩ એઆર ૯૬૮૮ સહીત રૂ.૩.૧૪ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો. આ ટોળકી જેટકો જી.ઇ.બી. સબ સ્ટેશનમાં પાવર બેંકના પડેલ રીએક્ટરના આઇસોલેટેડ કેબલ કટર દ્વારા કાપી જમ્પર ખોલી રીએક્ટરની ચોરી કરવાની એમઓ ધરાવે છે.

આ ટોળકીએ રાજકોટ,જુનાગઢ તથા અમરેલી જીલ્લામા ચાર ચોરી કબુલી હતી.

આ કામગીરી જીલ્લા પોલસ વડા વિજયસિંહ ગુર્જરની સુચનાથી એલ.સી.બી.ના પી.આઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહીલ, આર.વી. ભીમાણી, એ.એસ.આઇ બાલકૃષ્ણભાઇ ત્રીવેદી, શક્તિસિંહ જાડેજા, અનીલભાઇ ગુજરાતી, ઇન્દ્રવિજયસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, રવિભાઇ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહીતભાઇ બકોત્રા, તથા પો.હેડકોન્સ અરવિંદસિંહ જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, રસીકભાઇ જમોડ, કૌશીકભાઇ જોષી, હરેશભાઇ પરમાર, ભગીરથસીંહ જાડેજા મનોજભાઇ બાયલ, નીલેશભાઇ ડાંગર તથા પો.કોન્સ મહીપાલસિંહ જાડેજા, પ્રકાશભાઇ પરમાર,ભાવેશભાઇ મકવાણા, મીરલભાઇ ચંદ્રવાડીયા, વિજયભાઇ સીંહાર તથા ડ્રા. પો.કોન્સ.અબ્દુલભાઇ શેખે કરી હતી.

# રાજકોટ મનપા દબાણ હટાવ શાખાએ રાજમાર્ગો પરથી ૪૪૩૦ બોર્ડ-બેનર જપ્ત કર્યા

## મંજૂરી વગર મંડપ, છાજલી નાખનાર ૨૧ ધંધાર્થીઓ પાસેથી રૂા.૨.૫૧ લાખનો વહિવટી ચાર્જ વસુલ




રાજકોટ,

રાજકોટ મહાપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ. ૦૧/૦૧/૨૦૨૬થી ૧૫/૦૧/૨૦૨૬ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન,આનંદ બંગલા ચોક,રામનાથ પરા,કરણપાર્ક,રૈયા રોડ,નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતરરૂપ ૨૧ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. જ્યુબેલી,જામનગર રોડ,હેમુગઢવી હોલ,જંકશન રોડ,ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ,જંકશન રોડ,કૃષ્ણનગર મે.રોડ, રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ,કાલાવાડ રોડ,નાણાવટી ચોક,ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૩૬ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.જામનગર રોડ,લક્ષ્મિનગર, જ્યુબેલી, યુનિ.રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી,ધરાર માર્કેટ, કેસરી પુલ, પારેવડી ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૪૪૬૨ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ,સોરથીયાવાડી પાસેથી રૂ.૨,૫૧,૫૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.૮૦ફુટ રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૭૨,૩૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જામનગર રોડ,જલારામ ચોક,જંકશન પ્લોટ,રેસકોર્ષ રોડ,યુનિ.રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક,સાધુવાસવાણી રોડ, પટેલ ક્ધયા છાત્રાલય,કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૪૪૩૦ બોર્ડ-બેનર જપ્ત કર્યા હતાં.

# રાજકોટ-ચોટીલા હાઇવે ઉપરથી દારૂ-બિયર ભરેલો ટ્રક ઝડપાયો

## કુવાડવા ગામ પાસે ક્રાઈમ બ્રાંચની ટીમે ટ્રકને આંતરી રૂ.૫૩ લાખનો દારૂ ભરેલ ટ્રક કબ્જે લીધો

રાજકોટ,

રાજકોટ નજીક કુવાડવા ગામ પાસ થી ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૫૩ લાખનો દારૂ ભરેલ ટ્રક ઝડપી લીધો હતો. આ દારૂનો જથ્થો દમણથી મંગાવવા માં આવ્યો હોવાનું ખુલ્યું હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૬૩.૮૩ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકની ધરપકડ કરી સપ્લાયર સહીત ત્રણના નામ ખોલ્યા હતા. ટ્રકમાં ખોટી નંબર પ્લેટ લગાવી હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા,અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા,ડીસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા,એસીપી (ક્રાઇમ) ભરત બી.બસીયા દ્વારા બુટલેગર ઉપર વોચ ગોઠવી કાર્યવાહી કરવા સુચના આપી હોય ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના દિલીપભાઈ બોરીયા,રાજેશભાઇ જળુ અને વિશાલભાઇ દવેને મળેલ ચોક્કસ હકીકત આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે કુવાડવા ગામ પાસે આવેલ ગુજરાત ગેસના પંપ નજીક રોડ ઉપરથી આઈસર ટ્રક રજી.નં. જીજે-૨૩-એડબ્લ્યુ ૫૨૧૯ ને અટકાવી તલાશી લેતા આ નંબર પ્લેટ નકલી હોવાનું અને ટ્રકના સાચા રજી.નં. ડીડી૦૧૦ ૯૧૪૩ ના હોય જે આઇસર ટ્રકમાંથી ૫૩ લાખનો દમણથી રાજકોટ ઘુસાડેલ ૧૩૪૯૯ બોટલ દારૂ-બીયરનો જથ્થો મળી આવ્યો હતો.દારૂ બલીયાના સરવા ગુવાનના બ્રજેશકુમાર રામાશ્રય વર્માની ધરપકડ કરી તપાસ કરતા વલસાડ સંજય પટેલ, કૌશીક પટેલ અને હાર્દિક પટેલનું નામ ખુલ્યું હતું.

આ કામગીરી રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ વી.ડી. ડોડીયા તથા એ.એસ.આઈ. અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, સંજયભાઇ રૂપાપરા, અનુજભાઇ ડાંગર તથા પોલીસ કોન્સ્ટેબલ વિશાલભાઇ દવેએ કરી હતી.

# રાજકોટમાં રીક્ષા ગેંગ ફરી ઝળકી: ઉલ્ટી- ઉબકાના બહાને છાત્રના રૂપિયા ૩૪ હજાર સેરવી લીધા

રાજકોટ,


રાજકોટના આજીડેમ ચોકડી પાસે રિક્ષામાં બેઠેલી મહિલા સહિત ૪ શખ્સો એ ઉલ્ટી-ઉબકાનુ બહાનુ કરી રિક્ષામાં બેઠેલા છાત્રના ખીસ્સામાંથી રૂા.૩૪ હજારની રોકડ સેરવી લેતા છાત્રાએ આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ચોટીલાના આંકડીયા ગામનો વતની અને હાલ માંડાડુંગર પાસે માધવ વાટીકા શેરી નં.૩માં રહેતો પ્રભાત વનરાજભાઇ જંજવાડીયા (ઉ.વ.૨૦)એ આજીડેમ પોલીસમથકમાં રિક્ષાચાલક તેમજ એક મહિલા સહિત ૪ શખ્સો સામે ફરિયાદ નોધાવી છે. યુવાને ફરિયાદમાં જણાવ્યુ છે કે, તે જસાણી કોલેજ રાજકોટ ખાતે સેમેસ્ટ ૨-૧ માં અભ્યાસ કરે છે. તા-૧૬ ના સવારે અગીયારેક વાગ્યા ના અરસામાં બાબરાથી રાજકોટ આવવા નીકળ્યો હતો અને તેણે બાબરા ખાતે ઉત્તરાયણના તહેવાર ઉપર પતંગ-દોરાનો સ્ટોલ કર્યો હતો જેના વકરાના રોકડા રૂ. ૩૪૮૦૦/- પેન્ટના ડાબી બાજુના આગળના ખીસ્સામા પ્લાસ્ટીકના ઝબલામાં રાખ્યા હતા અને ફરિયાદી બપોરે આજીડેમ ચોકડી ખાતે ઉતર્યો હતો અને ત્યાંથી તે એક સી.એન.જી.રીક્ષામાં બેસી અને વેલનાથપરામાં ખોખડદડ નદીના કાંઠે રહેતા મોટાબાપુના દિકરા ધર્મેશભાઈ મનસુખભાઇને ત્યાી જવા માટે નીકળ્યોઅ હતો. આ રીક્ષામાં પાછળની સીટમાં એક બહેન તથા એક ભાઈ બેઠા હતા તે બન્ને પાછળ બેઠા હતા. ત્યારે આજીડેમ ચોકડીથી હુંડકો ચોકડી તરફ સર્વિસ રોડ ઉપર પહોચતા રીક્ષામા વચ્ચે બેઠેલી મહિલાએ ''ઉલ્ટી-ઉબકા થાય છે'' તેમ કહી ફરિયાદીને વચ્ચે બેસવાનુ કહેતા યુવાન ચાલુ રીક્ષામાં વચ્ચે બેસી ગયો અને તે વખતે આ રિક્ષા ચાલકે તેની રીક્ષા ઉભી રાખી અને મને કહયુ કે ભાઈ તમે નીચે ઉતરી જાવ મારે બીજી જગ્યાએ ઈમરજન્સી જવાનું છે અને હું એ બાજુ નથી જતો તેમ કહેતા ફરિયાદીને રિક્ષામાંથી ઉતારી મુકયો હતો.

બાદ યુવાને પેન્ટના ડાબી બાજુના આગળના ખીસ્સામાં જોતા પ્લાસ્ટીકના ઝબલામાં રાખેલા રોકડા રૂ.૩૪,૮૦૦/- જોવામાં ન આવતા રિક્ષા ચાલક તથા તેની સાથેના અજાણ્યા બહેન તથા અજાણ્યા ભાઈએ સાથે મળીને રોકડા રૂ.૩૪,૮૦૦/- ચોરી લીધા હોવાની ખબર પડતા તેણે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે

# રાજકોટના વિજયનગરમાં આધેડને બે શખ્સોએ ફડાકા ઝીંકી ધમકી આપતા ફિનાઈલ પીધું

### આપઘાતનો પ્રયાસ કરનાર શાકભાજીના ધંધાર્થીને સારવારમાં ખસેડાયા



રાજકોટ,

રાજકોટ શહેરમાં થોરાળા વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતા આધેડે જુના માર્કેટ યાર્ડમાં આવેલી ભાયુ ભાગની દુકાન રૂા.૧.૦૫ કરોડમાં વેચી મારી હતી. જે દુકાનના બાકી રહેતાં રૂા.૧૧ લાખની ઉઘરાણી કરવા ગયેલા આધેડને બે શખ્સોએ ફડાકા ઝીંકી ધમકી આપી હોવાના આક્ષેપ સાથે આધેડે ફિનાઈલ પી લીધું હતું. આધેડની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના થોરાળા વિસ્તારમાં આવેલા વિજયનગરમાં રહેતાં અને શાકભાજીનો ધંધો કરતાં ચંદુભાઈ પ્રકાશભાઈ સોલંકી નામના ૫૫ વર્ષના આધેડ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે ફિનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં.

પ્રાથમિક પુછપરછમાં પ્રકાશભાઈ સોલંકી ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ છે અને તેમને સંતાનમાં બે પુત્ર છે. પ્રકાશભાઈ સોલંકી શાકભાજીનો ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પ્રકાશભાઈ સોલંકીએ ભાયુ ભાગની જુના માર્કેટ યાર્ડમાં આવેલી દુકાન રોહિત પરમારને રૂા.૧.૦૫ કરોડમાં વેચી હતી. જે વેચાણથી આપેલી દુકાનના બાકી રહેલા રૂા.૧૧ લાખની ઉઘરાણી કરવા ગયા હતાં ત્યારે રોહિત પરમાર અને દેવીપૂજક સમાજના પ્રમુખ કડવાભાઈએ ફડાકા મારી ધમકી આપી હતી. જેનાથી કંટાળી પ્રકાશભાઈ સોલંકીએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના મામલે હાલ પોલીસે ચંદુભાઈ સોલંકીને નિવેદન લઈ હકીકત જાણવા તપાસ શરૂ કરી છે.

# જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

અમરેલી:

જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. જેના કારણે બંને પક્ષે સામસામે ૧૩ લોકો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જાફરાબાદના બાબરકોટમાં રહેતા કમુબેન કનુ મકવાણા (ઉ.વ.૪૦)એ કિશોર હરિભાઈ સાંખટ, દિપક પુનાભાઈ મકવાણા, સંતોષ બાબુભાઈ સાંખટ અને બાબુ પુનાભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૪ જાન્યુઆરીના રોજ ચારેય શખ્સોએ તેના ઘરે પ્રવેશ પતંગ ચગાવવા આવ્યા હતા.તેને પતંગ ચગાવવાની ના પાડતા કિશોર અને દિપક ઉશ્કેરાયા હતા અને અપશબ્દો બોલી ઘરેથી નિકળી ગયા હતા.